
# ગુજરાત સરકારનું દેવું બે લાખ કરોડને પાર : ૧૦.૧૯ ટકા વધારો

## અમેરિકામાં ૩૧ જુલાઈથી ૨ ઓગષ્ટ સુધી ચોથી 'ચલો ગુજરાત' ઈવેન્ટ

ગુજરાતના જાહેર દેવામાં સતત વધારો થતો રૂપિયા ક્યાં જાય છે તે સરકાર કહી શકતી નથી.




રહ્યો છે. રિઝર્વ બેન્કના છેલ્લા અહેવાલ પ્રમાણે ગુજરાત સરકારનું જાહેર દેવું ૨.૧ લાખ કરોડને કહેવાય છે કે રાજયમાં ૪૩,૧૭૬ પ્રાથમિક શાળાઓમાં ૬૧ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓ

## રાજયભરમાંથી પાણીના પાઉચ બંધ થાય તો લોકોનું હેલ્થ સુધરી શકે




ક્રોસ કરી ગયું છે જે ૧૦.૧૯ ટકાનો વધારો સૂચવે છે. એકલું ગુજરાત જ નહીં, મહારાષ્ટ્ર સરકારનું દેવું ૩૩૮૭.૩ બિલિયન, ઉત્તરપ્રદેશનું દેવું ૨૯૩૬.૨ બિલિયન, પશ્ચિમ બંગાળનું દેવું ૨૮૦૪.૪ બિલિયન અને આંધ્રપ્રદેશનું દેવું ૨૨૦૪.૫ બિલિયન જોવા મળે છે.

અભ્યાસ કરે છે. ગુજરાતમાં તો કાગળ પરના આંકડા અને હકીકતમાં બહું મોટો ફર્ક જોવા મળે છે. હાલની સ્થિતિએ રાજયમાં ૩૩,૭૧૩ સરકારી શાળઆઓ પૈકી ૧૨,૩૪૩ શાળાઓ એક જ ઓરડામાં ચાલે છે. ૭૩૯૦ શાળાઓમાં રમતના મેદાન નથી. ૧૯,૨૦૬ શિક્ષકોની ઘટ

## સીએમઓમાં પહેલીવાર ઓફિસિયલ પીઆરઓ વિના એક વર્ષ પૂર્ણ

આરબીઆઈના સ્ટડી પ્રમાણે ગુજરાત સરકારનું ૫૨ ટકા દેવું સાત વર્ષ જૂનું છે. ૨૪ ટકા દેવું પાંચ થી સાત વર્ષ જૂનું છે જયારે ૧૯.૬ ટકા દેવું ત્રણ થી પાંચ વર્ષ જૂનું છે. ગુજરાતનું દેવું ૨૦૦૦ની સાલમાં ૩૪૧.૬ બિલિયન હતું તે ૨૦૦૧માં વધીને ૪૨૭.૮ બિલિયન થયું હતું. છેલ્લે ૨૦૧૪માં દેવાનો આંકડો વધીને ૧૪.૮૮ લાખ કરોડ થયો હતો.

**૧૨,૦૦૦ કરોડનો ખર્ચ છતાં ઠેર ના ઠેર ...**

ભારતમાં રાઈટ ટુ એજયુકેશનના કાયદા હેઠળ ધોરણ૧ થી ધોરણ૮ સુધીનું ગુણવત્તાવાળું પ્રાથમિક શિક્ષણ દરેક બાળકને ફરજીયાત આપવાની રાજય સરકારોની જવાબદારી છે ત્યારે શિક્ષણના બજેટનું કદ જોઈએ તેટલું વધતું નથી. કદ વધે છે તો આ છે. શિક્ષકોની વિષયદીઠ મોટી ઘટ છે. પીવાના પાણીની પુરતી સુવિધા નથી. ઘણી શાળાઓમાં તો કમ્પાઉન્ડ વોલ જ નથી. રાજયના બજેટનો ૮.૭૦ ટકા હિસ્સો એટલે કે ૧૨ હજાર કરોડ કરતાં વધુ રકમ શિક્ષણ પાછળ ફાળવવામાં આવી હોવા છતાં આ સ્થિતિ સર્જાયેલી જોવા મળે છે...

**મેગી ની સાથે પાઉચ પાણી પણ દૂષિત છે ...**

મેગી ફુડ ઉપર દેશના રાજયો પ્રતિબંધ મૂકી રહ્યા છે. આ મેગી અત્યાર સુધી બધે લોકપ્રિય હતી. બસ, ટુ મિનિટ... એ એનું સ્લોગન હતું, અચાનક શું થયું કે મેગી ને અખાદ્ય પદાર્થમાં સામેલ કરવામાં આવી... આપણા દેશમાં ફુડના કાયદા એટલા પાંગળા

● અનુસંધાન પાન-૭ પર

# વેકેશનના છેલ્લા રવિવારે અક્ષરધામ ભાવિકોથી છલકાયું



આજથી શાળાઓ ફરી ધમધમી ઉઠશે. વેકેશન દરમિયાન હરવા ફરવાના સ્થળોએ પરીવાર સહિત રજાઓ માણવાનો રોમાંચ છેલ્લી ઘડી સુધી ચાલ્યો. વેકેશનના છેલ્લા રવિવારે ગાંધીનગરના સુપ્રસિધ્ધ અક્ષરધામ ખાતે મોટી સંખ્યામાં ઉમટી પડેલા મુલાકાતીઓ આ વાતની સાક્ષી પુરી રહ્યાં છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ

## સવા મહિના બાદ ફરીથી શાળા પરિસરો કલરવથી ગુંજી ઉઠશે : જિલ્લામાં ૪૦ નવી પ્રાથમિક શાળાઓ અને ૫૧ નવા વર્ગખંડો સાથે સત્રનો પ્રારંભ : કેટલીક ખાનગી સ્કૂલોની ફીમાં વધારો અને ગણવેશમાં બદલાવથી વાલીઓ નિરાશ : છેલ્લી ઘડી સુધી ખરીદી માટે બજારમાં ભીડ

ગાંધીનગર, તા.૭

ઉનાળુ વેકેશન પૂર્ણ થતા જ શાળાઓનું નવું સત્ર પ્રારંભ થવા જઈ રહ્યું છે. શિક્ષણના નવા સત્રમાં એકવાર ફરીથી વિદ્યાર્થીઓ નવા જોમ અને ઉત્સાહથી અભ્યાસ કરવા થનગની રહ્યા છે. ગાંધીનગરની ૪૩ ડીગ્રી સે. ગરમીના પારા વચ્ચે પણ નગરના વાલીઓએ છેલ્લા દિવસ સુધી પોતાના બાળકો માટે સ્કુલબેગ, ગણવેશ, પુસ્તકો, નોટબુકો, પેન-પેન્સિલ-કંપાસ વગેરની ખરીદી કરી હતી.

સવા મહિનાના લાંબા ગાળા બાદ એકવાર ફરીથી શાળાઓના પરિસર કલરવથી ગુંજી ઉઠશે. જો કે આકરી ગરમીમાં શાળાના મેદાનો પર રમવામાં બાળકોની કસોટી થશે. નગરની કેટલીક ખાનગી શાળાઓમાં ગણવેશ બદલાતાં વાલીઓ નવા ગણવેશની ખરીદી માટે દોડતા થઈ ગયેલા નજરે પડયા હતા. શાળાના પ્રારંભે છેલ્લી ઘડી સુધી વાલીઓએ સ્કુલબેગ, ગણવેશ, પુસ્તકો નોટબુકો, પેન-પેન્સિલ, કંપાસ વગેરેની ખરીદી માટે બજારમાં ભારે ભીડ જમાવી હતી. સે-૨૧ના ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર સે-૭ તથા સે-૨૪ના માર્કેટમાં પણ આ કારણે ભારે ભીડ જોવા મળી હતી. વળી આ વર્ષે પુસ્તકો પણ મોંઘા થયા છે તે બાબતે વાલીઓમાં નિરાશાની લાગણી સ્પષ્ટ વર્તાતી હતી. કેટલાક બાળકો પ્રાથમિકમાંથી માધ્યમિક અથવા માધ્યમિકમાંથી ઉચ્ચતર માધ્યમિકમાં જવાથી સ્કુલ બદલાવાને કારણે વાલીઓને દોડધામ કરવી પડી હતી. જો કે મોટા ભાગના બાળકોમાં ફરી શાળાકીય મિત્રોને મળવાની તાલાવેલી રોમાંચિત કરી રહી છે.

આગામી તા. ૧૧ થી ૧૩મી જૂન દરમિયાન શાળા પ્રવેશોત્સવ ઉજવાશે જેની તૈયારીઓમાં શિક્ષણતંત્ર જોરશોરથી લાગી ગયું છે. જિલ્લાની સરકારી શાળાઓમાં ૧.૪૧ લાખ બાળકો અભ્યાસ કરી રહ્યા છે તેમાં શાળા પ્રવેશોત્સવના કારણે વધુ ૧૩ હજાર બાળકોનો ઉમેરો થવાની સંભાવના છે. ગાંધીનગર જિલ્લામાં ૪૦ નવી પ્રાથમિક શાળાઓ અને ૫૧ નવા વર્ગખંડો સાથે નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવા જઈ રહ્યો છે તો બીજી તરફ કેટલીક ખાનગી સ્કૂલોએ ફીમાં કરેલા વધારાને કારણે વાલીઓ નિરાશ છે. જો કે બાળકો એક રાગે આલાપી રહ્યા છે 'ચલો સ્કૂલ ચલે હમ...'.



(તસવીર : કશ્યપ નિમાવત)

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને જણાવવાનું કે મોજે ગામ ઈસનપુરમોટા તા.જી. ગાંધીનગરની રેવન્યુ બ્લોક નંબર : ૧૩૭૪ (જુ.સ.નં.૧૪૨૬/૧) ની હે.આ.ચો.મી. ૦-૫૩-૫૧, બ્લોક નંબર : ૧૩૭૩ (જુ.સ.નં.૧૪૨૬/૨) ની હે.આ.ચો.મી. ૦-૧૪-૨૭ તથા બ્લોક નંબર : ૧૩૭૫ (જુ.સ.નં.૧૪૨૭) ની હે.આ.ચો.મી. ૦-૪૫-૧૯ ના ક્ષેત્રફળવાળી જુની શરતની પિયત ખેતીની જમીનો તા. ૪-૯-૨૦૧૦ના રોજ સબ રજીસ્ટ્રાર કચેરી ગાંધીનગર ખાતે અમારા અસીલશ્રી સોમાજી ચંદુજી ઠાકોર રહે. મુ.પો.કોટેશ્વર, તા.જી. ગાંધીનગર દ્વારા રજીસ્ટ્રેશન નંબર ૧૬૪૪૩/૨૦૧૦ અને ૧૬૪૪૬/૨૦૧૦ થી નોંધણી કરાવી સદરહુ જમીનોનો દસ્તાવેજ મુળ માલિક શ્રી વિષ્ણુભાઈ બબાભાઈ પટેલ પાસેથી કરાવી લઈ સદર જમીનો વેચાણથી ખરીદ કરેલ છે. સદરહુ જમીન અમારા અસીલશ્રી સોમાજી ચંદુજી ઠાકોર દ્વારા ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવી ખરીદ કરેલ છે અને સદર જમીન હાલમાં અમારા અસીલશ્રીના માલિકીપણા અને કબજા ભોગવટામાં આવેલ છે. જેની લાગતા - વળગતાઓએ નોંધ લેવી. સદરહુ જમીન અમારા અસીલશ્રીએ પુરતો અવેજ ચુકવી ખરીદ કરેલ છે અને સદરહુ જમીન હાલમાં રેવન્યુ રેકર્ડે અમારા અસીલશ્રીના નામે ચાલે છે તેમજ સદરહુ જમીનમાં અમારા અસીલ સીવાય અન્ય કોઈ વ્યક્તિ અગર તો વ્યક્તિઓનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો પોષાતો નથી. આમ લાગતા વળગતાઓને આ નોટીસ દ્વારા જણાવવાનું કે સદરહુ જમીન અંગેના કોઈપણ પ્રકારના વ્યવહારો કરતા અગાઉ અમારા અસીલની પરવાનગી અગર તો સંમતી મેળવવી તેમજ સદરહુ જમીન અંગેના વ્યવહારો અમારા અસીલશ્રી સીવાય અન્ય કોઈની સાથે કરવા નહી. તેમ છતાં પણ જો કોઈપણ ઈસમ સદરહુ જમીન અંગે કોઈપણ વ્યવહાર કરશે-કરાવશે તો તેઓની સામે ફોજદારી રાહે પગલા લેવામાં આવશે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

અમારી સુચના અને ફરમાઈશથી — ઠાકોર સોમાજી ચંદુજી

અમારી મારફતે — પીનાકીન રાવલ (એડવોકેટ)



ગાંધીનગરના જાણીતા સ્કલ્પચર આર્ટીસ્ટ તથા ગાંધીનગર સમાચારના કાર્ટુનિસ્ટ હરિન ભટ્ટ અને કલાશ્રી સંસ્થાના સાથીઓ દ્વારા ગાંધીનગર અને ગુજરાતને ગૌરવ મળે એવા સુંદર સ્કલ્પચરનું નિર્માણ કરે છે... જુલાઈ માસમાં અમેરિકા ખાતે યોજાનાર 'ચલો ગુજરાત' કાર્યક્રમની ઉજવણીમાં પ્રદર્શિત કરવા ચરખો કાંતતા ગાંધીજીનું આબેહૂબ સ્કલ્પચર નિર્માણ કર્યું છે. કલાશ્રીના કલાકારો તથા હરિન ભટ્ટ વિવિધ પ્રસંગોની અભિવ્યક્તિ કરતા આબેહૂબ સ્કલ્પચરનું નિર્માણ કરી દેશ-વિદેશમાં મોકલે છે અને ગાંધીનગરનું ને ગુજરાતનું ગૌરવ વધારે છે....

# જિલ્લાની શાળાઓમાં આજથી ત્રિદિવસીય સફાઈ અભિયાન

## જિલ્લાની ૩૦૨ શાળાઓમાં ઉઘડતા વેકેશને સફાઇ અભિયાન હાથ ધરવામાં આવશે. શાળાના વર્ગખંડો તેમજ મેદાનની પણ સફાઇ થશે

ગાંધીનગર તા ૭

ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં આજથી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે. તા ૮ થી ૧૦ જુન દરમિયાન જિલ્લાની ૩૦૨ શાળાઓમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવશે. જયારે સફાઈ અભિયાનના અંતે ત્રિદિવસીય પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. વેકેશન ખુલતા જ નગરની શાળાઓમાં સ્વચ્છતા ઝુંબેશને વેગ આપવામાં આવશે.

આકરી ગરમીના બે મહીનાના અંતે શાળા કોલેજોમાં વેકેશન ખુલશે. જયારે પરિણામલક્ષી ઉત્તેજનાના અંતે વાલીઓમાં પણ લેટ ધેમ સ્ટડીનો અભિગમ કેળવાયો છે. શાળાઓમાં વેકેશન ખુલતા શહેરના જનજીવનમાં પણ ચેતના પુરાશે. જયારે ઉઘડતા વેકેશને જ શાળાઓમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે. જિલ્લા શિક્ષણ તંત્રના જણાંવ્યા મુજબ નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે શાળાઓમાં સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લાની ૩૦૨ જેટલી શાળાઓમાં સફાઈ ઝૂંબેશ હાથ ધરવામાં આવશે. ધોરણ ૯ થી ૧૨ ના વિધાર્થીઓ તેમજ શાળના શિક્ષકો પણ સફાઈ અભિયાનમાં જોડાશે. જેમાં શાળાના વર્ગખંડોથી લઈ પાણીની ટાંકી શાળાનું મેદાન તેમજ પ્રયોગશાળા ઉપરાંત લાઈબ્રેરી સહિતના સ્થળોએ સફાઈ કરવામાં આવશે. સ્વચ્છ ભારતના અભિયાનને વેગ આપવા શાળા સંકુલોને પણ વિશેષ રૂપે સ્વચ્છ રાખવા અગાઉ પણ શિક્ષણ તંત્ર દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું. જયારે આ ઉઘડતા વેકેશન દરમિયાન શહેરની શાળાઓમાં પણ સફાઈ કરવામાં આવશે. સફાઈ અભિયાન બાદ શાળાઓમાં ત્રિદિવસીય પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. લાંબા સમયના વેકેશનના અંતે શાળાઓ ધમધમતી જોવા મળશે.

**જોઈએ છે**

કલર TV • કલર મોનિટર

જૂના બંધ હાલતમાં

સંપર્ક : શૈલેષભાઈ

મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**

અક્ષી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515

# કિંમતી જમીનમાં ડખ્ખો નાંખી કરોડોનો તોડ કરતી ગેંગ સક્રીય

## નાના ચિલોડાની જમીનમાં ખેડૂત પાસેથી તોડ કરતા કોર્ટમાં ખોટા દાવાઓ કરનાર ૧૧ સામે પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૭

અમદાવાદમાં રહેતા અને મુળ સરગાસણ ગામના પ્રમુખભાઈ ડાહ્યાભાઈ પટેલે સે-૭ પોલિસ સ્ટેશનમાં ૧૧ શખ્સો સામે છેતરપીંડીની ફરિયાદ નોંધાવી છે. પોતાની નાના ચિલોડા ખાતે સ્થિત જમીનને જુની શરતમાં કરવાની પ્રોસેસ ચાલતી હોવાની જાણ આરોપીઓને હોવા છતાં જમીનના ટાયટલને નુકસાન પહોચાડવા તથા તોડ કરવા કોર્ટમાં ખોટા દાવાઓ કરવા બદલ પ્રમુખભાઈએ ૧૧ સામે ગુનો નોંધાવ્યો છે. સે-૭ પોલિસે નાના ચિલોડાના વિમળાબેન, બિનાબેન, વિક્રમભાઈ, તેજીબેન, શકરીબેન, હરખાબેન તથા અમદાવાદના રીટા પટેલ, ધવલ રાજગુરુ અને ભુપેન્દ્ર પટેલ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**મંડપ** કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com